સુજલામ સુફલામ જળ અભિયાન ૨૦૨૦ હેઠળ ચાલતી જળસંચયને લગતી કામગીરી અન્વયે નિવારાત્મક તકેદારી નિરીક્ષણની કામગીરી બાબત

ગુજરાત સરકાર,
નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ,
સચિવાલય, ગાંધીનગર.
હુકમ ક્રમાંક- પરચ- ૨૦૨૦ - ૮ - ગુ.નિ સને ૨૦૨૦
તારીખ : ૫ / ૦૫/ ૨૦૨૦

**સંદર્ભ:-** **(૧)** નર્મદા જ.સં,પા.પુ.અને કલ્પસર વિભાગના ઠરાવ ક્રમાંક: પરચ/૨૦૧૯/૨૧૪૪/એમઆઇસેલ. તા.૧૭-૦૨-૨૦૨૦

**(૨)** નર્મદા જ.સં,પા.પુ.અને કલ્પસર વિભાગના ઠરાવ ક્રમાંક: પરચ/સુસુજઅ/૨૦૧૯/૧૫/પા-૨/ક-૩. તા.૨૦-૦૪-૨૦૨૦

**આમુખ :-**

વિભાગના સંદર્ભ (૧) હેઠળના તા.૧૭/૦૨/૨૦૨૦ ના ઠરાવના પરિપ્રેક્ષ્યમા સુજલામ સુફલામ જળ અભિયાન અંતર્ગત જળસંચયની કામગીરી અલગ અલગ વિભાગો હેઠળ જુદા જુદા જીલ્લાઓમાં વિવિધ કામો હાથ ધરવામાં આવનાર છે. જેમાં મુખ્યત્વે વિભાગ દ્વારા સુજલામ સુફલામ જળ અભિયાન વર્ષ- ૨૦૨૦ અંતર્ગત રાજ્યના સંબંધિત વિભાગો દ્વારા આ અભિયાન અંતર્ગત જળ સંચય તથા જળ બચાવને લગત કામો જેવા કે હયાત તળાવો ઉંડા કરવા,હયાત ચેકડેમોનું ડીસિલ્ટિંગ, હયાત જળાશયો/નદીનું ડીસિલ્ટિંગ,હયાત નુકશાન પામેલ ચેકડેમોના રીપેરીંગ, નહેરોની મરામત/જાળવણીસફાઇ ,રેઈન વોટર હાર્વેસ્ટીંગ,ખેત તલાવડી,માટીપાળા, કન્ટુર ટ્રેન્ચ,ગેબીઅન, ચેકવોલ, પીવાના પાણીના સ્રોત/ટાંકી / સંપ / ઇન્ટેક સ્ટ્રક્ચર તથા આસપાસની સફાઇ, WTP/STP તથા આસપાસની સફાઇ, તળાવોના વેસ્ટ વીઅરના રીપેરીંગ, નદીઓના પ્રવાહને અવરોધરુપ ગાંડા બાવળ, ઝાડી-ઝાંખરા દૂર કરવા વગેરે જેવા કામો હાથ ધરવા ઠરાવ કરવામાં આવેલ છે. વિભાગના સંદર્ભ (૨) હેઠળના તા.૧૭/૦૨/૨૦૨૦ ના ઠરાવથી તા.૨૦/૪/૨૦૨૦ થી આ કામગીરી શરૂ કરવા સુચના આપવામાં આવેલ છે.

જળ સંપત્તિ વિભાગ દ્વારા હાથ ધરાવામાં આવતી કામગીરીમાં ક્ષેત્રિય કક્ષાએ પારદર્શકતા જળવાય તે માટે નિવારાત્મક તકેદારી નિરીક્ષણની કામગીરી માટે ફલાઇંગ સ્કવોડની કામગીરી કરવા ઠરાવવામાં આવેલ છે. આ કામગીરીમાં જળસંપત્તિ વિભાગ ઉપરાંત અન્ય વિભાગો ધ્વારા સુજલામ સુફલામ જળ અભિયાન અંર્તગત થતી કામગીરીનો પણ સમાવેશ કરવાનો થાય છે, જે માટે નીચે મુજબ ઠરાવ કરવામાં આવે છે.

**ઠરાવ :**

(૧) નિવારાત્મક નિરીક્ષણની કામગીરી માટે ગુણવત્તા નિયમન તંત્ર હેઠળ કાર્યરત વિભાગીય કચેરીએ આ કામગીરી કરવાની રહેશે.

(૨) આ કામગીરી માટે આ સાથે સામેલ પત્રક મુજબ ફલાઇંગ સ્કવોડની ટીમોની રચના કરવામાં આવે છે. જે તે ટીમોએ ગુણવત્તા નિયમન સંબંધિત કાર્યપાલક ઇજનેરશ્રીના માર્ગદર્શનમાં કામગીરી કરવાની રહેશે.તેમજ જરૂર જણાયે કાર્યપાલક ઇજનેર, ગુણવત્તા નિયમન વિભાગ દ્વારા ફલાઇંગ સ્કવોડની ટીમોને વિગતવાર કાર્યક્ષેત્રની કામગીરી સોંપવાની રહેશે.

(૩) સદર જળસંચયની કામગીરી માટે વિભાગ દ્વારા નિમણુક કરાયેલ નોડલ અધિકારીશ્રીનો સંપર્ક કરીને જે તે જીલ્લાઓ સંબંધિત માહિતી/ વિગતો મેળવવાની રહેશે.

(૪) ફલાઇંગ સ્કવોડની ટીમોને તેમને સોંપવામાં આવેલ જીલ્લાઓમાં ચાલતા સુજલામ સુફલામ જળઅભિયાન અંતર્ગત કામોની સ્થળ મુલાકાત લઇ વિભાગના સંદર્ભ હેઠળના ઠરાવના પરિપ્રેક્ષ્યમાં ચકાસણી કરવાની રહેશે. જેમાં જે તે કામોના સ્થળ પર ચાલતી કામગીરીના ઉપયોગમાં લેવાતી જુદી જુદી મશીનરી, કામ પરના મજુરો તથા જથ્થા સંબંધિત વિગતો મેળવી તથા જે તે કામના સ્થળ મુલાકાત દરમ્યાનની ફોટોગ્રાફી કરી તે અંગેનો દૈનિક અહેવાલ મુ.ઇ.(ગુ.નિ.) અને અ.સ.શ્રીને સાદર કરવાનો રહેશે.

(૫) આ કામગીરી માટે જરૂરી વાહનની વ્યવસ્થા અમદાવાદ/ગાંધીનગર, યાંત્રિક પુલમાંથી, ક્ષેત્રિય કક્ષાએ જે તે જીલ્લાના નોડલ અધિકારીશ્રીના સંબંધિત વર્તુળ દ્વારા સંબંધિત કા.ઇ.શ્રી, ગુ.નિ.વિ.ને ફાળવવાના રહેશે.

(૬) નોવેલ કોરોના વાયરસ (COVID-19) સંક્રમણના કારણોસર હાલમાં દેશ/રાજ્યમાં પ્રવર્તતી પરિસ્થિતિ ધ્યાનમાં લઇ સરકારશ્રીની / વિભાગની સ્થાયી સુચનાઓ, પરિપત્રો, ઠરાવોને ધ્યાનમાં લઈ જરૂરી કાર્યવાહી કરવાની રહેશે.

સદર ઠરાવનો અમલ તાત્કાલિક અસરથી કરવાનો રહેશે તેમજ સુજલામ સુફલામ જળ અભિયાન વર્ષ-૨૦ ના સમયગાળા સુધી અમલમાં રહેશે.

(બી.પી.ચોવટીયા)
મુખ્ય ઇજનેર (ગુ.નિ.) અને અધિક સચિવ

<u>બિડાણ</u> :
ટીમોની યાદી

<u>નકલ સાદર રવાના પ્રતિ</u>

૧. માન.મુખ્યમંત્રીશ્રીના અંગત મદદનીશ, સ્વર્ણિમ સંકુલ-૧ , સચિવાલય, ગાંધીનગર
૨. માન.મંત્રીશ્રીના અંગત મદદનીશશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર (તમામ)
૩. માન.રાજય કક્ષાના મંત્રીશ્રીના અંગત મદદનીશશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧ ,સચિવાલય,ગાંધીનગર(તમામ)
૪. તકેદારી આયુકતશ્રી, ગુજરાત તકેદારી આયોગ, સેકટર-૧૦, ગાંધીનગર
૫. સચિવશ્રીઓના અંગત મદદનીશ, સચિવાલય, ગાંધીનગર (તમામ)
૬. કલેકટરશ્રીઓના અંગત મદદનીશ, (તમામ)
૭. સચિવશ્રી (જ.સં.) ના અંગત સચિવશ્રી, નર્મદા, જ.સં., પા.પુ. અને કલ્પસર વિભાગ,

૮. ખાસ સચિવશ્રી (જ.સં.) ના અંગત સચિવશ્રી, નર્મદા, જ.સં., પા.પુ. અને કલ્પસર વિભાગ

૯ મુખ્ય ઇજનેર(સર્વે) અને અ.સ.શ્રી, નર્મદા, જ.સં., પા.પુ. અને ક. વિભાગ, ગાંધીનગર

૧૦ નાણાંકીય સલાહકારશ્રી, (જ.સં.) સચિવાલય, ગાંધીનગર

૧૧. મેનેજીંગ ડીરેકટરશ્રી, ગુજરાત જળસંપત્તિ વિકાસ નિગમ, ગાંધીનગર

૧૨. મુખ્ય ઇજનેર અને નિયામકશ્રી, વાલ્મી, આણંદ

૧૩. સર્વે તાંત્રિક ઉપસચિવશ્રીઓ, ન.જ.સં.પા.પુ. અને ક. વિભાગ, સચિવાલય, ગાંધીનગર

૧૪. ન.જ.સં.પા.પુ. અને ક. વિભાગ હસ્તકના સર્વે અધીક્ષક ઇજનેરશ્રીઓ

૧૫ ન.જ.સં.પા.પુ. અને ક. વિભાગ હસ્તકની તમામ પ્રોજેકટ શાખાઓ

➢ **<u>નકલ જાણ સારૂ રવાના પ્રતિ :</u>**

➢ જે તે જીલ્લાના નોડલ અધિકારીશ્રી તરફ જાણ સારૂ તથા જરૂરી કાર્યવાહી સારૂ.

➢ કાર્યપાલક ઇજનેરશ્રી, ગુણવત્તા નિયમન વિભાગ (૧) સચિવાલય (૨) ગાંધીનગર (૩)અમદાવાદ (૪) ભાવનગર (૫) રાજકોટ નં.૧ (૬) રાજકોટ.૨ (૭) વડોદરા (૮) સુરત (૯) પાલનપુર તરફ જાણ તથા જરૂરી કાર્યવાહી સારૂ.

➢ નકલ રવાના પ્રતિ, કા.ઇ.શ્રી, સિંચાઇ યાંત્રિક વિભાગ નં.૪, મેઘાણીનગર, અમદાવાદ તરફ જાણ સારૂ તથા જરૂરી કાર્યવાહી સારૂ.

ફલાઇંગ સ્કવોડ ટીમના સર્વે સભ્યો. મારફતે સંબંધિત અધિક્ષક ઇજનેરશ્રી